# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. **સર્વોચ્ચ અદાલતે વક્ફ કાયદા પર સ્ટે આપવાનો ઇનકાર કરીને વક્ફ સુધારા અધિનિયમ , 2025ની કેટલીક જોગવાઈઓ પર રોક લગાવી.**
2. **પ્રધાનમંત્રી આજે કોલકતામાં સંયુક્ત કમાન્ડર્સ સંમેલનનું ઉદ્ઘાટન કરશે.**
3. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહારના પૂર્ણિયા જિલ્લામાં 40 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ કરશે.**
4. **વેપાર, ટેરિફ અને ટેકનોલોજી અંગે સ્પેનનાં મેડ્રિડમાં અમેરિકા અને ચીનના અધિકારીઓ વચ્ચે આજે ફરી ઉચ્ચ સ્તરીય વાટાઘાટો થશે.**
5. **UPI વપરાશકર્તાઓ આજથી એક જ દિવસમાં 10 લાખ રૂપિયા સુધીના વ્યક્તિ-થી-વેપારી વ્યવહારો કરી શકશે.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# SC-WAQF EARLY

સર્વોચ્ચ અદાલતે વકફ કાયદા પર સ્ટે આપવાનો ઇનકાર કર્યો છે પરંતુ વકફ સુધારા અધિનિયમ, 2025ની કેટલીક જોગવાઈઓ પર રોક લગાવી દીધી છે. વકફ તરીકે મિલકત સમર્પિત કરતા પહેલા વ્યક્તિને પાંચ વર્ષ માટે મુસ્લિમ હોવા જરૂરી હોવાની કલમ પર સ્ટે આપ્યો છે. સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો છે કે રાજ્ય સરકારો આવી શરતો નક્કી કરવા માટે નિયમો ન બનાવે ત્યાં સુધી આ કલમ સ્થગિત રહેશે.

વચગાળાનો આદેશ આપતાં , મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે , તેમણે દરેક કલમને પ્રથમ દૃષ્ટિએ પડકાર્યો છે, અને સમગ્ર કાયદા પર સ્ટે આપવા માટે કોઈ કેસ બનાવવામાં આવ્યો નથી.

સરકારી જમીન પર વકફ મિલકત અતિક્રમણ કરે છે કે કેમ તે અંગેના વિવાદોનો નિર્ણય લેવા માટે સરકાર દ્વારા નિયુક્ત અધિકારીને મંજૂરી આપતી જોગવાઈ પર પણ સ્ટે આપવામાં આવ્યો છે, કોર્ટે અવલોકન કર્યું છે કે કાર્યકારી અધિકારીઓ નાગરિકોના અધિકારોનો નિર્ણય કરી શકતા નથી, કારણ કે આ સત્તાઓના વિભાજનનું ઉલ્લંઘન કરશે. જ્યાં સુધી ટ્રિબ્યુનલ આ બાબતનો નિર્ણય ન લે ત્યાં સુધી કોર્ટે આવી વિવાદિત મિલકતો પર તૃતીય-પક્ષ અધિકારો બનાવવા પર પણ પ્રતિબંધ મૂક્યો છે

કોર્ટે વકફ સંસ્થાઓમાં બિન-મુસ્લિમોના સમાવેશ અંગેની જોગવાઈ પર પણ ધ્યાન આપ્યું છે. વકફ બોર્ડમાં બિન-મુસ્લિમ સભ્યોના નામાંકનને મંજૂરી આપતી જોગવાઈ પર રોક લગાવવામાં આવી નથી. જોકે , કોર્ટે અવલોકન કર્યું કે , શક્ય હોય ત્યાં સુધી , બોર્ડના હોદ્દેદાર સભ્ય મુસ્લિમ વ્યક્તિ હોવા જોઈએ. કોર્ટે અવલોકન કર્યું કે, સેન્ટ્રલ વકફ કાઉન્સિલ માટે , તેમાં 4થી વધુ બિન-મુસ્લિમ સભ્યો અને રાજ્ય વકફ બોર્ડ માટે , 3થી વધુ બિન-મુસ્લિમ સભ્યોનો સમાવેશ થવો જોઈએ નહીં.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે, તેના અવલોકનો ફક્ત પ્રથમ દૃષ્ટિએ જ છે અને તે કાયદાની માન્યતાને પડકારતી વધુ રજૂઆતો કરતા પક્ષકારોને અટકાવશે નહીં.

. . . . . . . . . . . . . . .

# PM-KOLKATA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કોલકાતામાં વિજય દુર્ગ ખાતે ભારતીય સેનાના પૂર્વીય કમાન્ડ મુખ્યાલયમાં સંયુક્ત કમાન્ડર્સ સમ્મેલનનું ઉદ્ઘાટન કરશે.

આ કોન્ફરન્સ 17 સપ્ટેમ્બર સુધી ચાલશે. આ કાર્યક્રમમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ પણ હાજર રહેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઇકાલે સાંજે કોલકાતા પહોંચ્યા હતા અને કોલકાતાના રાજભવનમાં રાત્રિ રોકાણ કર્યું હતું. આ સમ્મેલનમાં વિશ્વની વર્તમાન રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સૈન્યના આધુનિકીકરણ , સશસ્ત્ર દળોની ત્રણેય શાખાઓ વચ્ચે સંકલન અને અન્ય પાસાઓ પર ચર્ચા કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM BIHAR

આજે મોડેથી  શ્રી મોદી બિહારના પૂર્ણિયા જિલ્લામાં   **40** હજાર  કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનો શુભારંભ કરશે.

. . . . . . . . .

# PM SHAH ENGINEERS DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે એન્જિનિયર દિવસ નિમિત્તે ભારત રત્ન એમ. વિશ્વેશ્વરૈયાને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે શ્રી વિશ્વેશ્વરાયની પ્રતિભાએ ભારતના એન્જિનિયરિંગ ક્ષેત્ર પર અમીટ છાપ છોડી છે. તેમણે કહ્યું કે એન્જિનિયરો વિકસિત ભારત બનાવવાના સામૂહિક પ્રયાસોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા રહેશે.પ્રધાનમંત્રીએ સર્જનાત્મકતા અને દૃઢ નિશ્ચય દ્વારા નવીનતાને આગળ ધપાવતા અને તમામ ક્ષેત્રોમાં મુશ્કેલ પડકારોનો સામનો કરતાં તમામ એન્જિનિયરોને શુભેચ્છાઓ પાઠવી.

ગૃહમંત્રી અમિત શાહે એમ વિશ્વેશ્વરાયને દેશને પરિવર્તનશીલ માર્ગ પર સ્થાપિત કરતાં એક મહાન એન્જિનિયર ગણાવ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં , તેમણે તમામ એન્જિનિયરોની પ્રશંસા કરી હતી.

. . . . . . .

# US CHINA TALKS

વેપાર, ટેરિફ અને ટેકનોલોજી અંગે  સ્પેનમાં અમેરિકા અને ચીનના અધિકારીઓ વચ્ચે આજે ફરી ઉચ્ચ સ્તરીય વાટાઘાટો શરૂ થશે.

ગઈકાલે સ્પેનના વિદેશ મંત્રાલય ખાતે છ કલાક ચાલેલી બેઠક બાદ આ ચર્ચાઓ થઈ રહી છે, જેમાં અમેરિકાના નાણામંત્રી સ્કોટ બેસેન્ટ અને વ્યાપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીર તથા  ચીનના ઉપ પ્રધાનમંત્રી હી લિફેંગ અને મુખ્ય વાટાઘાટકાર લી ચેંગગેંગએ ભાગ લીધો હતો.

રાષ્ટ્રપ્રમુખ  ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ટેરિફ લાગુ કર્યા પછી  , બંને દેશો પરસ્પર સંબંધો સુધારવા પ્રયાસ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.......

# UPI-LIMIT

યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ - **UPI** વપરાશકર્તાઓ આજથી એક જ દિવસમાં 10 લાખ રૂપિયા સુધીના વ્યક્તિ-થી-વેપારી વ્યવહારો કરી શકશે.

ગત મહિને ભારતીય રાષ્ટ્રીય ચુકવણી નિગમ **NPCI** દ્વારા જારી કરાયેલા પરિપત્ર અનુસાર, નવા **UPI** નિયમો ભારતીય વપરાશકર્તાઓ માટે ઉચ્ચ-મૂલ્યની ડિજિટલ ચુકવણીઓને સરળ અને વધુ સુરક્ષિત બનાવવા માટે રચાયેલ છે.

જો કે, વ્યક્તિ-થી-વ્યક્તિ વચ્ચેની ચુકવણી માટેના વ્યવહારોની **UPI** મર્યાદા 1 લાખ રૂપિયા પ્રતિ દિવસ પર યથાવત છે.

. . . . . . . . . . . . . . . . .

# SITHARAMAN-AI

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે જો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ- AI ઝડપથી આગળ વધી રહ્યું છે , તો નિયમો પણ સમાન રીતે આગળ વધવા જોઈએ. શ્રીમતી સિતારામણે આજે નવી દિલ્હીમાં વિકસીત ભારત અને ફ્રન્ટિયર ટેક રિપોઝીટરી માટે AI ના રોડમેપ પર નીતિ આયોગના અહેવાલનું લોન્ચિંગ કરતા આમ જણાવ્યુ હતું. શ્રીમતી સીતારમણે AI ના ઝડપી વિકાસ વિશે ચેતવણી આપતા લોકોને સભાન રહેવા કહ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે વિકાસ લાવવા માટે ભારતના તમામ જિલ્લાઓમાં AI-સહાયિત ટેકનોલોજી અપનાવવી જોઈએ.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NEPAL- PM

નેપાળના પ્રધાનમંત્રી સુશીલા કાર્કીએ કુલમન ઘિસિંગને ઊર્જા , જળ સંસાધન અને સિંચાઈ મંત્રી, ઓમ પ્રકાશ આર્યાલને ગૃહ અને કાયદા મંત્રી અને રામેશોર ખનાલને નાણાં મંત્રી તરીકે નિયુક્ત કરીને તેમના મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું છે.

ત્રણેય મંત્રીઓએ આજે બપોરે તેમના હોદ્દાના શપથ લીધા હતા. કુલમન ઘિસિંગે અગાઉ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નેપાળ ઇલેક્ટ્રિસિટી ઓથોરિટીનું નેતૃત્વ કર્યું હતું અને વીજળી ઓથોરિટી માટે વિશાળ આવક પેદા કરીને લાંબા ગાળાના વીજ કાપને સમાપ્ત કરવાનો શ્રેય તેમને આપવામાં આવે છે.

શક્તિશાળી ગૃહ મંત્રાલયની દેખરેખ રાખનારા ઓમ પ્રકાશ આર્યલે કાઠમંડુના મેયર બાલેન શાહના કાનૂની સલાહકાર તરીકે સેવા આપી હતી. નાણાં મંત્રાલય માટે પસંદ કરાયેલા રામેશોર ખનલ એક અનુભવી અમલદાર અને ભૂતપૂર્વ નાણાં સચિવ છે.

. . . . . . . . . . . . .

# ITR FILING-FAKE

આવકવેરા રિટર્ન- ITR દાખલ કરવાની આજે છેલ્લી તારીખ છે. આજે રાત્રે 12 વાગ્યા સુધી રિટર્ન ફોર્મ ભરી શકાશે. આવકવેરા વિભાગે અંતિમ તારીખ 15 સપ્ટેમ્બરથી વધારીને 30 સપ્ટેમ્બર કરાઇ હોવાનો દાવો કરતાં સોશિયલ મીડિયા પર ચાલી રહેલા સમાચારને ફગાવી દીધા છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં વિભાગે જણાવ્યું કે ITR દાખલ કરવાની સત્તાવાર છેલ્લી તારીખ 15 સપ્ટેમ્બર છે. વિભાગે કરદાતાઓને ફક્ત તેના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર આધાર રાખવાની સલાહ આપી છે. સરળ ફાઇલિંગ અને સંબંધિત સેવાઓ સુનિશ્ચિત કરવા માટે , આવકવેરા વિભાગે તેનું હેલ્પડેસ્ક 24 કલાક કાર્યરત કર્યું છે.

આ ઉપરાંત કોલ , લાઇવ ચેટ અને સોશિયલ મીડિયા દ્વારા પણ કરદાતાઓને રિટર્ન દાખલ કરવા અંગે સહાય કરાઇ રહી છે.

. . . . . . . . . . . .

# JHARKHAND-ENCOUNTER

ઝારખંડના હજારીબાગ જિલ્લામાં આજે થયેલી અથડામણમાં ટોચના ત્રણ નક્સલીઓ ઠાર થયા છે. આ નક્સલીઓને પકડવા માટે મોટા ઈનામની જાહેરાત કરવામાં આવી હતી. સુરક્ષા દળોએ ઘટનાસ્થળેથી **AK-47** રાઈફલ સહિત અનેક હથિયારો જપ્ત કર્યા છે.

દરમિયાન, ગઈકાલે પલામુ જિલ્લાના મનતુ જંગલ વિસ્તારમાં થયેલી અથડામણમાં **TSPC**ના એરિયા કમાન્ડરનું મોત થયું હતું. ઉલ્લેખનીય છે કે નક્સલવાદને ખતમ કરવા માટે, પોલીસ અને સુરક્ષા દળો નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં નિયમિતપણે સંયુક્ત તપાસ અભિયાન ચલાવી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# TAXAS KILLINGS

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વચન આપ્યું છે કે ભારતીય નાગરિકની ક્રૂર હત્યાના આરોપીઓને કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવો પડશે અને તેના પર ફર્સ્ટ ડિગ્રી હત્યાનો આરોપ મૂકવામાં આવશે.

ટ્રમ્પે કહ્યું કે આ વ્યક્તિની અગાઉ ઘાતકી ગુનાઓ માટે ધરપકડ કરવામાં આવી હતી પરંતુ  જો બાઇડનના શાસન સમયે તેને મુક્ત કરવામાં આવ્યો હતો. આ મહિનાની 10મી તારીખે ટેક્સાસના ડલ્લાસમાં એક બિનદસ્તાવેજીકૃત ઇમિગ્રન્ટ દ્વારા ભારતીય નાગરિક ચંદ્ર નાગમલ્લૈયા અન્નામલાઈની હત્યા કરવામાં આવી હતી.

આરોપી, 37 વર્ષીય માર્ટિનેઝની ધરપકડ કરવામાં આવી હતી અને તેના પર હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . .